# વિઝા ઈન્ટરવ્યૂની તૈયારી

ભાગ -2

આપણે ગયા ભાગમાં ઈન્ટરવ્યુમાં જતાં પહેલા કરવાની તૈયારીઓ તો કરી લીધી. હવે આપણે ઈન્ટરવ્યૂમાં પહોંચી ગયા પછી શું કરવું એ વિશે જાણીએ.

(10). કોન્સ્યુલેટમાં દાખલ થાઓ ત્યારે ખુશખુશાલ મિજાજમાં દાખલ થજો. મનગમતું ગીત ગણગણજો. ધીમેથી સીટી વગાડજો, જેથી તમારા ચહેરા પર જો કોઈ પણ પ્રકારની ઈન્ટરવ્યૂની ચિંતા કે નર્વસનેસ હશે તો એ દૂર થઈ જશે. તમારો નંબર આવવાની રાહ જોતા હશો ત્યારે પણ જો કોન્સ્યુલર ઓફિસરની નજર તમારા પર પડશે અને તમે ચિંતાગ્રસ્ત દેખાશો તો તેમને શંકા આવશે કે જરૂર તમે કંઈક ખોટું કર્યું હશે, તેથી જ તમે આટલી ચિંતામાં છો. બીજા અરજદારો સાથે વાતો કરશો નહીં. નહીં તો તેમની નર્વસનેસનો તમને ચેપ લાગશે અને તમારો ઈન્ટરવ્યૂ બગડી શકે છે. કોન્સ્યુલેટમાં બેસીને અમેરિકા જઈને શું શું કરીશ એવા સપના જોજો, જેથી તમારા ચહેરા પર આપોઆપ જ પ્રસન્નતા આવશે.

11). તમારી પહેલાં જો બીજાઓના વિઝા રિજેક્ટ થાય તો પણ એની તમારા પર અસર થવા દેતા નહીં. દરેકના વિઝા રિજેક્ટ થવાના પોતપોતાના અલગ કારણો હોય છે. જરૂરી નથી કે આગળવાળાના વિઝા રિજેક્ટ થયા એટલે તમારા વિઝા પણ રિજેક્ટ જ થશે. તમે સંપૂર્ણ તૈયારી સાથે ગયા હશો અને લાયક હશો તો તમને વિઝા જરૂર મળશે.

12). ઈન્ટરવ્યૂ બને તો અંગ્રેજીમાં જ આપજો, જેથી તમે કોન્સ્યુલર ઓફિસર સાથે સીધો સંપર્ક સાધી શકો. જો તેમના ઉચ્ચારો ન સમજાય કે કોઈ સવાલ ન સમજાય તો 'પ્લીઝ રિપિટ' કે 'પાર્ડન મી' કહીને ફરી વાર પૂછી શકો, પરંતુ સમજ્યા વગર અગડમબગડમ જવાબ આપી દેતા નહીં.

13). ઓફિસર બોલાવે કે તરત જ 'ગુડ મોર્નિંગ' કે 'ગુડ આફ્ટરનૂન' કહીને હસીને તેમની સાથે વાતચીતનો સેતુ સાધજો, જેથી આપોઆપ જ હકારાત્મક વાતાવરણ રચાશે.

**વિઝા મિત્ર**
★ સંગીતા જોશી

14). ઓફિસરે પૂછેલા સવાલોના સમજીને સાચા જવાબો જ આપજો. ભૂતકાળમાં કંઈ ખોટું કર્યું હોય તો પણ તેમની પાસે વર્ષો જૂના રેકોર્ડ હોય છે, એટલે એ છુપાવવાનો કે ખોટું બોલવાનો પ્રયત્ન કરતા નહીં. તરત જ પકડાઈ જશો. એટલે સાચું બોલીને ભૂતકાળમાં કરેલા ખોટા કામની તુરંત જ કબૂલાત કરીને માફી માગી લેજો. તેઓ સચ્ચાઈને ખૂબ માન આપે છે.

15). જો એક કરતાં વધુ કુટુંબીજનો ઈન્ટરવ્યૂમાં ઊભા રહે તો જેને સવાલ પૂછવામાં આવ્યો હોય એણે જ જવાબ આપવો. આજુબાજુના બીજા સભ્યો તરફ જોશો તો તમને જવાબ ખબર નથી એવી છાપ પડશે, જેના કારણે કદાચ તમારા વિઝા રિજેક્ટ થઈ શકે છે.

16). ઓફિસરના સવાલોના જવાબો ટૂંકામાં, પણ સંપૂર્ણ અને સઘળી વિગતો આવરીને આપજો, જેથી ઓફિસરે તમને એ જ વિષય પર જુદા જુદા સવાલો પૂછવા ન પડે. 'તમે શું કરો છો?' એવા સવાલના જવાબમાં માત્ર નોકરી કે બિઝનેસ એમ કહેવાને બદલે ટૂંકમાં એની વિગતો આપી દેશો તો તમારો અને કોન્સ્યુલર ઓફિસર બંનેનો સમય બચશે.

17). ઓફિસરની આંખમાં આંખ પરોવીને જવાબ આપજો, જેથી તેમને ખાતરી થાય કે તમે સાચું જ બોલી રહ્યા છો, કારણ કે જૂઠું બોલનાર સામેવાળાની આંખમાં આંખ મેળવી શકતો નથી.

18). હવે તો ઓફિસરો તમારા સોશિયલ મીડિયાને પણ જોવા માંગે છે. તો તમારા સોશિયલ મીડિયામાં જેટલા એકાઉન્ટ હોય એને પબ્લિક કરીને રાખજો. એને પ્રાઈવેટ કે બ્લોક કરીને રાખતા નહીં. જો તમારે પ્રાઈવેટ જ રાખવા હોય તો પણ ઓફિસરને તુરંત જ પાસવર્ડ આપી દેજો, જેથી કોન્સ્યુલર ઓફિસર એને જોઈ શકે. તમારા ઈમેલ એકાઉન્ટનો પાસવર્ડ પણ આપી દેજો, જેથી ઓફિસર તમારા ઈમેલ જોઈ શકે. ધ્યાન રાખજો કે એમાં કોઈ એવા પત્રો ન હોય કે જે તમે નોન-ઈમિગ્રન્ટ વિઝા લેવા ગયા હો તો ઈમિગ્રન્ટ ઈન્ટેન્શન દર્શાવે અથવા ઈમિગ્રન્ટ વિઝા લેવા ગયા હો તો નોન-ઈમિગ્રન્ટ ઈન્ટેન્શન દર્શાવે. તમને તમારો પાસવર્ડ ન આપવો હોય તો ના પાડવાનો હક છે, પરંતુ એના કારણે તમારા વિઝા રિજેક્ટ થવાની શક્યતા વધી જાય છે, કારણ કે ઓફિસર એમ ધારી લેશે કે તમે કંઈક છુપાવવા માગો છો, આથી જ પાસવર્ડ આપતા નથી. બને તો તમારા સોશિયલ મીડિયામાં પોલિટિકલ અને કોન્ટ્રોવર્સિયલ કમેન્ટ કરવાનું ટાળજો. એને ક્લિયર રાખજો.

19). કોન્સ્યુલર ઓફિસર સાથે દલીલમાં ઉતરતા નહીં. તમારી વાત શાંતિથી રજૂ કરજો.

20). યાદ રાખજો, કોન્સ્યુલર ઓફિસરો આટલા લાખો રૂપિયા ખર્ચીને હજારો માઈલનો પ્રવાસ કરીને તમને અહીં વિઝા આપવા આવ્યા છે, નહીં કે તમારા વિઝા રિજેક્ટ કરવા. તમે અમેરિકા જશો તો અમેરિકાને જ સીધો કે આડકતરો ફાયદો થશે. તેઓ તમારા દુશ્મન નથી. તેઓ ફક્ત પોતાની ફરજ બજાવે છે. તેઓ બને ત્યાં સુધી વિઝા નકારવા નથી આવ્યા હોતા.

21). ઈન્ટરવ્યૂ પૂરો થાય પછી તમને વિઝા મળ્યા હોય કે નહીં, પણ ઓફિસરને 'થેન્ક યુ' કહેવાનું ચૂકતા નહીં. તેઓ બધો જ રેકોર્ડ રાખતા હોય છે.

તો વિઝામિત્રો, એકદમ નિશ્ચિંત થઈને ઈન્ટરવ્યૂ આપવા જાઓ અને સફળ થઈને આવો.

ઓલ ધ બેસ્ટ! (સંપૂર્ણ)




**જો તેમના ઉચ્ચારો ન સમજાય કે કોઈ સવાલ ન સમજાય તો 'પ્લીઝ રિપિટ' કે 'પાર્ડન મી' કહીને ફરી વાર પૂછી શકો, પરંતુ સમજ્યા વગર અગડમબગડમ જવાબ આપી દેતા નહીં**

# વીમા કંપનીને અકસ્માતની જાણમાં વિલંબ છતાં ઈન્સ્યોરન્સ ક્લેમ નામંજૂર ન થઈ શકે!

ઈન્સ્યોરન્સ પૉલિસી લેતી વખતે સામાન્ય રીતે પૉલિસીધારકનું ધ્યાન વીમાની રકમ, પ્રીમિયમ અને ક્યા જોખમો સામે વીમા રક્ષણ મળે છે તેના પર વધારે હોય છે. પરંતુ પૉલિસીમાં નાની-નાની અનેક શરતો લખેલી હોય છે. આવી શરતો ઘણી વખત વીમાધારક વાંચતો નથી અને જ્યારે ક્લેમ કરવાનો પ્રસંગ આવે ત્યારે વીમા કંપની આવી જ કોઈ શરતનો આધાર લઈને ક્લેમ નામંજૂર કરતી હોય છે. પર્સનલ એક્સિડન્ટ ઈન્શ્યોરન્સ પૉલિસીમાં સામાન્ય રીતે એવી શરત હોય છે કે અકસ્માત બને તો તેની જાણ વીમા કંપનીને ચોક્કસ સમયમર્યાદામાં કરવાની રહેશે. પ્રશ્ન એ થાય કે અકસ્માતમાં વીમાધારકનું મૃત્યુ થયું હોય અને તેના વારસદારો કોઈ કારણસર નિયત સમયમર્યાદામાં જાણ ન કરી શકે, તો શું માત્ર આ ટેક્નિકલ કારણસર લાખો રૂપિયાનો વીમા ક્લેમ નામંજૂર કરી શકાય? આ મુદ્દે નેશનલ કન્ઝ્યુમર ડિસ્પ્યુટ્સ રિડ્રેસલ કમિશનનો એક મહત્ત્વનો ચુકાદો વીમાધારકો માટે માર્ગદર્શક બની રહે તેવો છે.

રિલાયન્સ જનરલ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ વિરુદ્ધ એ.વી.વી.એન. ગણેશના કેસમાં ફરિયાદીના પતિએ રિલાયન્સ જનરલ ઈન્શ્યોરન્સ કંપની પાસેથી રૂ. 5,00,000ની પર્સનલ એક્સિડન્ટ ઈન્શ્યોરન્સ પૉલિસી લીધી હતી.

**ગ્રાહક મંચ**
★ શ્રેયસ દેસાઈ (એડવોકેટ)

એક દિવસ ફરિયાદીના પતિ જાહેર રસ્તા પર પોતાની સાઈકલ લઈને જઈ રહ્યા હતા ત્યારે બે કૂતરાઓ તેમની પાછળ પડ્યા. તેના કારણે તેઓ અકસ્માતનો ભોગ બન્યા અને તેમના પગ, જાંઘ તથા શરીરના અન્ય મહત્ત્વના ભાગોમાં ગંભીર ઈજાઓ થઈ. તેમને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા, પરંતુ ઈજાઓ ગંભીર હોવાથી તેમનું મૃત્યુ થયું.



પતિના મૃત્યુ પછી તેમની પત્નીએ પર્સનલ એક્સિડન્ટ ઈન્શ્યોરન્સ પૉલિસી હેઠળ રૂ. 5 લાખનો ક્લેમ વીમા કંપની સમક્ષ રજૂ કર્યો. જોકે, અકસ્માત અને મૃત્યુ અંગે વીમા કંપનીને જાણ કરવામાં લગભગ ચાર મહિનાનો વિલંબ થયો હતો. વીમા કંપનીએ આ જ મુદ્દો પકડી લીધો. પૉલિસીની શરત પ્રમાણે અકસ્માતની જાણ એક મહિનાની અંદર કરવાની હતી અને ફરિયાદીએ તેમાં વિલંબ કર્યો હોવાથી વીમા કંપનીએ રૂ. 5 લાખનો ક્લેમ ચૂકવવાની જવાબદારી સ્વીકારી નહીં. નોંધપાત્ર બાબત એ હતી કે વીમા કંપનીએ અકસ્માત અંગે કોઈ સ્વતંત્ર તપાસ પણ કરાવી નહોતી. ત્યારબાદ ફરિયાદીએ જિલ્લા ગ્રાહક ફોરમ સમક્ષ ફરિયાદ દાખલ કરીને રૂ. 5 લાખની વીમા રકમ મેળવવાની માગણી કરી. જિલ્લા ફોરમે વીમા કંપનીની દલીલ સ્વીકારી. અકસ્માતની જાણ એક મહિનાની અંદર કરવામાં આવી ન હોવાથી પૉલિસીની શરતનો ભંગ થયો હોવાનું માની ફરિયાદ નામંજૂર કરવામાં આવી.

ફરિયાદીએ આ નિર્ણય સામે આંધ્રપ્રદેશ રાજ્ય ગ્રાહક કમિશનમાં અપીલ કરી. રાજ્ય કમિશને જિલ્લા ફોરમના નિર્ણય સાથે સહમત થવાને બદલે ગ્રાહકની તરફેણમાં ચુકાદો આપ્યો. રાજ્ય કમિશને એવું માન્યું કે માત્ર જાણ કરવામાં થયેલા વિલંબને આગળ ધરીને વીમા કંપની ક્લેમ નામંજૂર કરે તે ગ્રાહક સેવા સંબંધિત ખામી ગણાય. રાજ્ય કમિશને વીમા કંપનીને રૂ. 5,00,000ની વીમા રકમ વાર્ષિક 9 ટકા વ્યાજ સાથે તથા રૂ. 2,000 ખર્ચ પેટે ફરિયાદીને ચૂકવવાનો આદેશ કર્યો. વીમા કંપની આ નિર્ણયથી અસંતુષ્ટ હતી અને તેણે નેશનલ કમિશન સમક્ષ રિવિઝન પિટિશન દાખલ કરી. નેશનલ કમિશનના પ્રિસાઈડિંગ મેમ્બર જસ્ટિસ અનુપમ દાસગુપ્તા સમક્ષ મુખ્ય પ્રશ્ન એ હતો કે અકસ્માતની જાણ કરવામાં થયેલો વિલંબ એટલો ગંભીર હતો કે તેના આધારે જ વીમાધારકના વારસદારનો સમગ્ર ક્લેમ નામંજૂર કરી શકાય? નેશનલ કમિશને નોંધ્યું કે ફરિયાદીના પતિનું મૃત્યુ અકસ્માતને કારણે થયું હોવાના પૂરતા પુરાવા ઉપલબ્ધ હતા. કેસના સંજોગો, મેડિકલ રેકોર્ડ તથા સારવાર આપનાર ડૉક્ટરના એફિડેવિટ સહિતના પુરાવાઓ અકસ્માતજન્ય મૃત્યુ તરફ સ્પષ્ટ રીતે નિર્દેશ કરતા હતા. નેશનલ કમિશને મહત્ત્વની વાત એ પણ કહી કે વીમા કંપનીને અકસ્માત અને મૃત્યુ ખરેખર અકસ્માતને કારણે થયું હતું કે નહીં તે અંગે શંકા હોય તો મોડેથી જાણ મળી હોવા છતાં તે પોતાની તપાસ કરાવી શકતી હતી. પરંતુ માત્ર જાણ મોડી મળી છે તે ટેક્નિકલ કારણ આગળ ધરીને વાસ્તવિક અને પુરાવાથી સમર્થિત ક્લેમને નકારી દેવાનું યોગ્ય નથી. આથી નેશનલ કમિશને વીમા કંપનીની રિવિઝન પિટિશન નામંજૂર કરી અને રાજ્ય ગ્રાહક કમિશનનો હુકમ યથાવત્ રાખ્યો. પરિણામે ફરિયાદીને રૂ. 5 લાખની વીમા રકમ 9 ટકા વાર્ષિક વ્યાજ તથા ખર્ચ સાથે મેળવવાનો અધિકાર મળ્યો. આ ચુકાદામાંથી ગ્રાહકો માટે એક મહત્ત્વનો સિદ્ધાંત બહાર આવે છે. વીમા પૉલિસીની શરતોનું પાલન કરવું જરૂરી છે અને અકસ્માત બને ત્યારે શક્ય તેટલી વહેલી તકે વીમા કંપનીને લેખિત જાણ કરવી જ જોઈએ. પરંતુ કોઈ વાજબી કારણસર જાણ કરવામાં વિલંબ થયો હોય તો માત્ર એટલા કારણસર દરેક કિસ્સામાં વીમા કંપનીને ક્લેમ નકારવાનો અમર્યાદિત અધિકાર મળી જતો નથી. ખાસ કરીને જ્યારે અકસ્માત અને તેના કારણે થયેલું મૃત્યુ મેડિકલ તથા અન્ય વિશ્વસનીય પુરાવાઓથી સાબિત થતું હોય ત્યારે માત્ર પ્રક્રિયાત્મક વિલંબને આધારે સાચો અને વાસ્તવિક ક્લેમ નકારવો ગ્રાહકના હિત વિરુદ્ધ ગણાઈ શકે છે.

**વીમા પૉલિસીની શરતોનું પાલન કરવું જરૂરી છે અને અકસ્માત બને ત્યારે શક્ય તેટલી વહેલી તકે વીમા કંપનીને લેખિત જાણ કરવી જ જોઈએ**

### કેન્ડલ લાઈટ

"દેર થઈ તો શું થયું,
હક કદી મરી જતો નથી,
સત્યની રાહ લાંબી હોય,
ન્યાય કદી હારી જતો નથી."